# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-05-2026 Day : Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## JPC – ગુજરાત પ્રવાસે :

“એક રાષ્ટ્ર એક ચૂંટણી” મામલે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના સભ્યો ગુજરાતની મુલાકાતે છે. પી. પી. ચૌધરીના વડપણ હેઠળની JPCના સભ્યોએ ગાંધીનગરમાં મુખ્યસચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં JPCના અધ્યક્ષ પી. પી. ચૌધરીએ કહ્યું, સમિતિ ગુજરાતના હિસ્સેદારોને સાંભળવા આવી હતી. ગઈકાલની બેઠકમાં બધી ચૂંટણીઓ એક સાથે થાય એવો મત સૌએ વ્યક્ત કર્યો. “એક રાષ્ટ્ર એક ચૂંટણી”ના કારણે દેશના સાત લાખ કરોડ રૂપિયા બચશે.

આ સમિતિ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિવિધ રાજકીય પક્ષના આગેવાનો અને ટોચના અધિકારીઓ સાથે બેઠક કરી તેમના અભિપ્રાય મેળવશે.

---------------------------------------------------------------------------------------------------

## “સનેડો” - કૃષિ સાધનની ખરીદી માટેની સહાય :

રાજ્યના ખેડૂતોને “સનેડો” તરીકે કૃષિ સાધનની ખરીદી માટેની સહાય વધારીને 60 હજાર રૂપિયા કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, ખેડૂતોની રજૂઆતને ધ્યાને રાખી કિસાન પરિવહન યોજના હેઠળ 25 હજાર રૂપિયાની સહાયમાં વધારો કરીને રકમને 60 હજાર રૂપિયા કરવામાં આવી છે.

જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના, સીમાંત તેમજ મહિલા ખેડૂતોને હવે 75 હજાર રૂપિયાની સહાય મળશે.

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, સૌરાષ્ટ્ર વિસ્તારમાં નાના અને મધ્યમ ખેડૂતો દ્વારા ખેતીના વિવિધ બહુહેતુક કામો માટે “સનેડો” નામના ત્રિ-ચક્રી કૃષિવાહનોનો વ્યાપક ઉપયોગ કરાય છે.

---------------------------------------------------------------------------------------------------

## ગાંધીનગર – બ્રિકસ મિટિંગ :

ગાંધીનગરમાં ગઈકાલથી બે દિવસ બ્રિક્સ દેશ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના કાયદા અને ન્યાય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની બેઠકનો પ્રારંભ થયો હતો. તેનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકો અને વેપારીઓને અદાલતની લાંબી અને ખર્ચાળ પ્રક્રિયામાંથી બચાવીને ઝડપી ન્યાય અપાવવાનો છે. બેઠકમાં વિવાદોને અદાલતની બહાર જ મધ્યસ્થી અને સમાધાન દ્વારા ઉકેલવા પર ભાર અપાશે.

---------------------------------------------------------------------------------------------------

## હર્ષ સંઘવી - શ્રેષ્ઠતાનું કેન્દ્ર :

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી દિવસોમાં રાજ્યના વધુ યુવા ખેલાડીઓ ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવીને દેશ અને ગુજરાતનું ગૌરવ વધારશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

અમદાવાદમાં એક રમતગમત અકાદમીના પ્રારંભ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવા બદલ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ – BCCIના સચિવ જય શાહનો આભાર માન્યો.

---------------------------------------------------------------------------------------------------

## સ્વગણતરી અભિયાન :

રાજ્યભરમાં વસતિ ગણતરીના પહેલા તબક્કાના ભાગરૂપે હાલ સ્વગણતરી અભિયાન ચાલી રહ્યું છે. લોકો સત્તાવાર વેબપોર્ટલ SE.CENSUS.GOV.IN પર જાતે જ તેમની વિગતો ભરી રહ્યાં છે. આ પોર્ટલ પર વિગતો જાતે ભરીને રાજ્યના મુખ્યસચિવ એમ. કે. દાસ પણ સ્વગણતરી અભિયાનમાં સહભાગી થયા. તેમણે સરકારી અધિકારી અને કર્મચારીઓને આ અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં 6478 વિદ્યાર્થી ધો.10 અને 12ની પૂરક પરીક્ષા આપશે :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 11 જૂનથી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. આ પરીક્ષા માટે કચ્છ જિલ્લામાંથી કુલ 6478 વિદ્યાર્થીએ નોંધણી કરાવી છે, જેમાં એસએસસી (ધો.10) માટે 4654, એચએસસી વિજ્ઞાન પ્રવાહ માટે 476 તેમજ ધોરણ 12 સામાન્ય પ્રવાહના 1348 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્ય પરીક્ષામાં ધોરણ 10માં 17,662 ઉત્તીર્ણ થયા હતા. જ્યારે ધોરણ 12 સાયન્સમાં 1435માંથી 1229 અને સામાન્ય પ્રવાહમાં 11,562 માંથી 11,124 વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## IPL :

IPLમાં, ગઈકાલે રાજસ્થાન રોયલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 7 વિકેટે હરાવ્યું. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં ટૉસ હારતા પહેલી બેટિંગ કરવા ઉતરેલી લખનઉની ટીમે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 220 રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાને 19.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો.

---

## <u>હવામાન :</u>

જીલ્લામાં મહત્તમ તાપમાનમાં દોઢથી બે ડિગ્રીનો ઘટાડો થતાં આકરા તાપમાંથી થોડી રાહત મળી હતી. ભેજનાં ઊંચાં પ્રમાણના લીધે ઉકળાટ યથાવત્ રહ્યો હતો. હવામાન વિભાગે મહત્તમ તાપમાનમાં હજુ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થાય તેવી શક્યતા વ્યક્ત કરી છે.

જિલ્લા મથક ભુજમાં પારો એક ડિગ્રી ગગડી 37 ડિગ્રીના આંકે પહોંચ્યો હતો. પવનની ગતિ મંદ પડવા સાથે ભેજની હાજરીના લીધે બફારાથી શહેરીજનોએ અકળામણ અનુભવી હતી. નલિયામાં 35.2 અને કંડલા પોર્ટમાં 37.2 ડિગ્રી મહત્તમ સામે ચારેય મથકોમાં લઘુતમ પારો 26થી 28 ડિગ્રી વચ્ચે નોંધાયો હતો.

---